# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૬ તા.૨૩-૨-૧૬

ફકત પ્રજ્ઞા શાળાઓ માટે જ :-

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રજ્ઞા પ્રોજેક્ટ ૨૦૧૦ થી કાર્યરત છે. પ્રજ્ઞા અભિગમ મુજબ શિક્ષણકાંય કરી રહેલ રાજ્યના પ્રજ્ઞા શિક્ષકો માટે ૨ (બે) દિવસની રિફ્રેશમેન્ટ તાલીમ માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ જોગવાઈ કરેલ છે. પ્રજ્ઞાવર્ગ સજ્જતા તાલીમમાં પ્રજ્ઞા શાળાના તમામ શિક્ષકોની તાલીમ ૨ બેચમાં કરવાની થાય છે. જેમાં શાળાના કુલ પ્રજ્ઞા શિક્ષકોના અડધા શિક્ષકોએ પ્રથમ બેચમાં અને બાકીના અડધા પ્રજ્ઞા શિક્ષકોને દ્વિતીય બેચમાં તાલીમમાં હાજર રહેવાનું રહેશે.

**સી.આર.સી. કો-ઓર્ડિનેટરે દ્વિતીય બેચમાં ફરજિયાત પૂર્ણ સમયની તાલીમ મેળવવાની રહેશે.**

| ક્રમ | યુઆર.સી./ ઝોન | તાલીમ સ્થળ | તાલીમનો સમય |
|---|---|---|---|
| ૧ | ઉત્તર | એસ.આર.પી. શા.નં.૨ | સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ |
| ૨ | પૂર્વ | બાપુનગર શા.નં.૧૪ | |
| ૩ | દક્ષિણ | બાગેફિરદોશ શા.નં.૧ | |
| ૪ | પશ્ચિમ | ઉસ્માનપુરા શા.નં.૨ | |

- ⇨ બેચ નં. ૧ : તા.૨૯-૨-૨૦૧૬ થી તા. ૧-૩-૨૦૧૬
- ⇨ બેચ નં. ૨ : તા.૨-૩-૨૦૧૬ થી તા. ૩-૩-૨૦૧૬

તા.૨૩-૨-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૧૫૭ તા.૨૩-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત મ્યુનિ.સ્કૂલોમાં સફાઈ ઝુંબેશના કાર્યક્રમ બાબત**

**સંદર્ભ : અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, હેલ્થ મધ્યસ્થ કચેરી ઈ.નં.૪૯૯૨ તા.૨૦-૨-૧૬**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત તા.૨૯-૨-૧૬ સુધી તમામ મ્યુનિ. શાળાઓમાં સઘન સફાઈની કામગીરી કરવા જણાવવામાં આવે છે. સફાઈ ઝુંબેશ દરમ્યાન તમોએ કરેલ કામગીરીનો ફોટોગ્રાફ સહિતનો અહેવાલ તા.૨-૩-૧૬ સુધીમાં બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાના રહેશે.

તા.૨૩-૨-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :-**

૧. પરિપત્ર નં.૧૫૩ તા.૧૬-૨-૧૬ મુજબ તા.૨૬-૨-૧૬ના રોજ યોજાનાર 'અમદાવાદ ડે'ની ઉજવણીમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માહિતી નીચેના કોલમમાં તૈયાર કરી તા.૨૫-૨-૧૬ સુધીમાં બીટ સુપરવાઈઝરશ્રીઓને અચૂક મોકલી આપવાની રહેશે.

| ક્રમ | ભૂતપૂર્વ વિદ્યાર્થીનું નામ | હોદ્દો | સંસ્થા | સંપર્ક નંબર | કઈ સાલમાં તમારી શાળામાં અભ્યાસ કરતા હતા? |
|---|---|---|---|---|---|
| | | | | | |

૨. 'અમદાવાદ ડે'ની ઉજવણી માટે મુખ્ય શિક્ષકશ્રીઓના બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં રૂા.૧૦૦૦/- દિન-૨માં જમા થનાર છે જેની નોંધ લેશો.